ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૫/૨૨–૨૩/ 158 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૫/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી દિપકભાઈ મણીભાઈ ગાંધી,**
પ્લોટ નં–૭/એ, સાંઈબાબા સોસાયટી,
તિલકનગર, મહિલા કોલેજ પાછળ,
ભાવનગર.

**મો.નં– ૦૨૭૮ ૨૫૭૫૦૦**

**વિષય : અમારા વિજ કનેકશન નં–૩૦૩૦૩/૦૩૦૪૦/૨ માં લેણાં કાઢવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૨–૨૩/૩૯૭૪ તા.૧૪/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૨–૨૩/૪૦૦૪ તા.૧૬/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ડાયમંડ ચોક.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૫/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી દિપકભાઈ ગાંધી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૬/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી કિરણભાઈ ગાંધી (પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એન.જે.તન્ના, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર તથા**
**શ્રી એમ.વી.બોરીસા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ડાયમંડ ચોક.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિપકભાઈ મણીભાઈ ગાંધી, મું.ભાવનગર, તા.જી.ભાવનગરની અમારા વિજ કનેકશન નં–૩૦૩૦૩/૦૩૦૪૦/૨ માં લેણાં કાઢવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૨–૨૩/૩૯૭૪ તા.૧૪/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી શ્રી કિરણભાઈ ગાંધી (પ્રતિનિધિ) હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન જે તન્ના, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર તથા શ્રી એમ.વી.બોરીસા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ડાયમંડ ચોક ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે,અમો ગ્રાહક નંબર–૩૦૩૦૩/૦૩૦૪૦/૨ થી ઘર વપરાશ નું વિજ જોડાણ રહેણાંક હેતુ નું વિજ કનેકશન ધરાવીએ છીએ અને અમો દ્વારા પીજીવીસીએલ તરફથી આવતા તમામ બીલો નીયમીત નીયત સમયમાં ભરપાઈ કરીએ છીએ અને પીજીવીસીએલનું અમારી પાસે કોઈ લેણું બાકી નથી.

૧.૨ વાદીશ્રી જણાવે છે કે, પીજીવીસીએલ દ્વારા તેમના ઘરે કર્મચારી આવેલ અને તાત્કાલીક રૂા.૧૪૭૫/૩૧ ભરપાઈ કરવાનું કહેલ અને ડીસ કનેકશન કરવાનું કહેલ.

૧.૩ વાદીશ્રી જણાવે છે કે, તેમને ઈન્ટરનેટ ઉપર સર્ચ કરીને એમનું એકાઉન્ટ જાણતા, ઈ–બિલ નં–૨/૬૫૩૧ થી રૂા.૧૪૭૫/૩૧ તા.૨૨/૦૯/૨૦૨૨ ના બતાવેલ.

૧.૪ વાદીશ્રીની રજુઆત છે કે, અમોને કોઈપણ જાતના બીલમાં કોઈ બાઈફરકેશન મળેલ નંથી, કયો સમયગાળો છે તે પણ જાણ નથી.

૧.૫ આમ, બિલ બે વર્ષ જુનું હોઈ, વિજ અધિનિયમ સેકશન–૫૬(૨) મુજબ રીકવર કરી શકાય નહી અને અમોને જે પણ બિલ મળેલ તે પેઈડ કરેલ છે અને આજની તારીખ સુધી કોઈ રકમ બાકી નથી અને સપ્ટેમ્બર–૨૦૨૨ સુધીના બિલ પેઈડ કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar

૧.૭ આમ, અમોને મળેલ સદર બીલ કાઢી નાખવું જે ટાઈમબાર્ડ છે. અને અમોને આની ક્રેડીટ અમોના બીલમાં આપવી અને આ સાથે ડોક્યુમેન્ટસ જોડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી દિપકભાઈ મણીભાઈ ગાંધી ગ્રાહક નં–૩૦૩૦૩/૦૩૦૪૦/૨ RGPU કેટેગરી ધરાવતું સોલાર રૂફટોપ કનેકશન છે.

૨.૨ ગ્રાહકશ્રી ના ઘરવપરાશના સ્થળ પર સોલાર કનેકશન આવેલું છે. જેમાં, સોલારના વધારાના યુનિટને એગ્રીમેન્ટ મુજબની રકમ ને બિલમાં ક્રેડીટ આપવામાં આવેલ.

૨.૩ આમ, બિલમાં રકમ જમા હતી. વર્ષ–૨૦૨૧–૨૨ ના સમયગાળા દરમ્યાન ઉપરી કચેરીની સૂચના તેમજ સરકયુલર મુજબ વર્ષ–૨૦૨૧–૨૨ ની રકમ એક જ વર્ષની જમા આપવાની સૂચના અન્વયે, ડિવિઝન કચેરી દ્વારા એક વર્ષની વધારાના યુનિટની રકમ એનર્જી બિલમાંથી ગ્રાહકશ્રી ના બેંક એકાઉન્ટમાં જમા આપેલ અને એનર્જી બિલમાં રકમ ઉધારવામાં આવેલ. તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ અને સદર રકમ ગ્રાહકશ્રી ના ખાતામાં બાકી આવેલ જે ભરવાપાત્ર રકમ છે જે ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ થયેલ છે.

૨.૪ આમ, વીજ અધીનીયમ–૨૦૦૩ કલમ–૫૬(૨)અન્વયે, '' તે સમયે અમલમાં તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ કોઈપણ ગ્રાહક પાસે લેણી કોઈપણ રકમ જયારે પ્રથમ લેણી બને તે તારીખથી બે વર્ષની મુદત પછી વસુલ કરી શકાશે નહી. સિવાય કે, આવી રકમ ઈલેકટ્રીસીટી સપ્લાયની ખર્ચની બાકી તરીકે વસુલ કરવાપાત્ર તરીકે સળંગ દર્શાવવામાં આવી હોય અને લાઈસન્સદાર ઈલેકટ્રીક સપ્લાય કાપ્યો હોવો જોઈએ નહી.''

૨.૫ આમ, સદર કનેકશન લેજરાઈઝડ છે,કનેકશન ચાલુ છે અને સોલારની બાકી રકમ ભરવાપાત્ર છે. જેથી, ઉપરોકત માહીતીને ધ્યાને લઈ, સદર કેસમાં કંપનીની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી દિપકભાઈ મણીભાઈ ગાંધી દ્વારા તેમનાં ઘરવપરાશના વીજ કનેકશન ગ્રાહક નં– ૩૦૩૦૩/ ૦૩૦૪૦/૨ માં પ્રતિવાદી ની ડાયમંડ ચોક પેટા વિભાગીય કચેરી દ્વારા રૂા.૧૪૭૫/૩૧ બાકી કાઢી વસુલાત કરવામાં આવતાં, તે બાબતની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૬/૧૨/૨૦૨૨ ની રૂબરૂ સનાવણીમાં વાદીના પ્રતિનિધિ હાજર છે તેમણે મૌખિક રજૂઆત કરેલ છે. તેમજ પ્રતિવાદીના પ્રતિનિધિએ પણ હાજર રહી મૌખિક રજુઆત કરેલ છે.

૩.૩ વાદીની અરજી મળ્યાથી, ફોરમ દ્વારા પ્રતિવાદીની કચેરીને યોગ્ય કાર્યવાહી કરી જાણ કરવા જણાવેલ. જે અનુસંધાને પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને રૂબરૂ બોલાવી ઉધારવામાં આવેલ રકમ અંગેની સમજણ આપેલ છે. જે મુજબ વાદીને તેના સોલાર કનેકશનના ખાતાની જમા રકમ પ્રથમ ચેક/આરટીજીએસ થી બેંક ખાતામાં જમા આપેલ. ત્યારબાદ, ફરીવાર તે જ રકમ વાદીના વિજ કનેકશન ખાતામાં જમા આપેલ છે. આમ, એક જ ક્રેડીટ ની રકમ વાદીના ખાતામાં ૨ વાર જમા થયાનું ધ્યાને આવતા, પ્રતિવાદી દ્વારા એક વખતની રકમ ડેબીટ કરવામાં આવેલ છે. આમ, આ કોઈ જુનું એરીયર્સ ન હોવાનું સમજાવેલ.

૩.૪ આજરોજની રૂબરૂ સુનાવણીમાં પણ ઉપરોકત હકીકત થી વાદીને વાકેફ કરવામાં આવેલ છે તથા આ રકમ ટાઈમબાર્ડ ન હોવાની સમજણ આપતાં, વાદી દ્વારા તે બાબત થી સહમત થઈ, હાલ હવે આ અંગે કોઈ ફરીયાદ ન રહેતી હોવાનું જણાવેલ છે.

૩.૫ આમ, વાદીની સદરહુ ફરીયાદ અંગે હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૬/૧૨/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.